બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના
ફાજલ થતા શિક્ષકોને રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૩૦/૫/૨૦૧૨

**વંચાણે લીધા-**

૧) શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૩-૭-૬૯નો ઠરાવ ક્રમાંક-એસએસએન-૩૪૬૮-૪૦૪૧૯-ગ

૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ, તા.૨૨-૧૧-૧૦

૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-બમશ-૧૦૧૧-૧૫૬૭-ગ તા.૨૫-૨-૧૧

૪) શિક્ષણ વિભાગનો તા.૧૯-૯-૧૧નો પત્ર ક્રમાંક-બમશ-૧૩૨૦૧૧-૫૯૯૮૧૭-ગ

૫) શિક્ષણ વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક-બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ, તા.૪-૫-૨૦૧૨

**આમુખ :-**

ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ-૨૦૧૦ અન્વયે ધો.૮ને માધ્યમિક શાળામાંથી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં ખસેડવાના કારણે ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં વર્ગ ઘટાડો થતા ફાજલ થયેલ શિક્ષક/શિક્ષણ સહાયકને ફાજલનુ રક્ષણ બાબતે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ(૨)થી (૫) ના ઠરાવોથી જરુરી માર્ગદર્શક સુચનાઓ તથા કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલા ઉક્ત ઠરાવોના અમલમાં કેટલીક વિસંગતતા હોવાના કારણે રાજયના વિવિધ સંઘો પૈકી ગુજરાત નઇ તાલીમ સંઘ, ગુજરાત રાજય કલા સંઘ તથા ગુજરાત રાજય વ્યાયામ શિક્ષક મંડળ દ્વારા વિવિધ રજુઆતો કરવામાં આવેલ હતી. ઉક્ત રજુઆતો સંદર્ભે શિક્ષણ વિભાગ કક્ષાએ એક મીટીંગનુ આયોજન તા.૨૩-૫-૨૦૧૨ના રોજ અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ હતુ. આ બેઠકમાં કમિશનરશ્રી, શાળાઓ તથા અધ્યક્ષ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ વિભાગના સબંધિત અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

પુખ્ત વિચારણાના અંતે ધો.૮નો વર્ગ માધ્યમિક શાળાઓમાંથી બંધ થવાના કારણે ફાજલ પડનાર શિક્ષકોને સમાવવા અંગે ઉદભવેલ વિસંગતતા દૂર કરવા નીચે મુજબની વધારાની સૂચનાઓ/સ્પષ્ટતાઓ બહાર પાડવાનુ ઠરાવેલ છે.

**ઠરાવ:-**

(૧) જે શાળામાં ધો.૯ થી ૧૨ ના કુલ-૪ કે તેથી વધુ વર્ગો હોય તેવી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જો જે તે શાળાની સીનીયોરીટીમાં સમાવેશ થતો હોય તો એક (૧) વ્યાયામ શિક્ષકને શાળામાં રાખવા એટલે કે તેમને ફાજલ કરવા નહી.

(૨) જો માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધો.૯ થી ૧૨ ના સાત(૭) કે તેથી વધુ વર્ગો હોય અને જો જે તે શાળાની સીનીયોરીટીમાં સમાવેશ થતો હોય તો તેવા ચિત્ર શિક્ષકને ફાજલ કરવા નહી.